# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

### આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નેપાળના કાર્યકારી પ્રધાનમંત્રી સુશીલા કાર્કી સાથે વાતચીત કરીને તાજેતરની હિંસા અંગે દુઃખ વ્યક્ત કર્યું
2. બિહારમાં હવે કલા, વિજ્ઞાન અને વાણિજ્ય પ્રવાહોના બેરોજગાર સ્નાતકોને પણ લાભ અપાશે
3. ઉત્તરાખંડમાં ભારે વરસાદને કારણે ભારે નુકસાન. 14 ગુમ, બે ને બચાવાયાં
4. કેન્દ્ર સરકાર રાજ્યોમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ, ITI ને AI-સંચાલિત તાલીમ કેન્દ્રોને આધુનિક કરવા માટે ભંડોળ ફાળવશે.
5. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું,, ભારતીય રેલવેનો દર વર્ષે સલામતી સંબંધિત પ્રોજેક્ટ્સ પર એક લાખ 30 હજાર કરોડથી વધુ ખર્ચ
6. બેડમિન્ટનમાં, ભારતની સ્ટાર શટલર પીવી **સિંધુએ ચાઇના માસ્ટર્સ સુપર 750 ટુર્નામેન્ટના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો.**

.....................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM - SUSHILA KARKI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નેપાળના કાર્યકારી પ્રધાનમંત્રી સુશીલા કાર્કી સાથે ટેલિફોન  પર વાતચીત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે તેમણે તાજેતરમાં થયેલા જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો છે અને શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવાના તેમના પ્રયાસો માટે ભારતના અડગ ટેકાની પુષ્ટિ કરી છે. તેમણે નેપાળના લોકોને આવતીકાલે તેમના રાષ્ટ્રીય દિવસ પર હાર્દિક શુભેચ્છાઓ પણ પાઠવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BIHAR NITISH ALLOWANCE

બિહારમાં, સાત નિશ્ચય કાર્યક્રમ હેઠળ, મુખ્યમંત્રી નિશ્ચય સ્વ-સહાય ભથ્થું યોજના હવે કલા, વિજ્ઞાન અને વાણિજ્ય પ્રવાહોના બેરોજગાર પુરુષ અને સ્ત્રી સ્નાતકોને પણ લાભ અપાશે. મુખ્યમંત્રી નિશ્ચય સ્વયં સહાયતા ભથ્થું યોજના તરીકે ઓળખાતી આ યોજના હેઠળ તેમને બે વર્ષ સુધી એક હજાર  રૂપિયાનું માસિક ભથ્થું મળશે.

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ પહેલા મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવી રહેલી શ્રેણીબદ્ધ જાહેરાતોના ભાગ રૂપે આ એક મહત્વપૂર્ણ નિર્ણય છે. આ વિસ્તરણ હેઠળ, 20 થી 25 વર્ષની વય જૂથના સ્નાતક યુવાનો, જેઓ વધુ અભ્યાસ માટે નોંધાયેલા નથી અને સક્રિયપણે નોકરી કે રોજગાર શોધી રહ્યા છે, તેઓ આ યોજના હેઠળ પાત્ર બનશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SHAH NITISH BIHAR MEETING

બિહારમાં આગામી બિહાર વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજકીય ગતિવિધિઓ વેગ પકડી રહી છે. જનતા દળ યુનાઈટેડ-JDUના પ્રમુખ અને મુખ્યમંત્રી નીતિશ કુમારે આજે પટનામાં ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી. ભાજપ પ્રદેશ પ્રમુખ ડૉ. દિલીપ જયસ્વાલ, JDUના કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ સંજય ઝા, નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી, ભાજપ બિહાર બાબતોના પ્રભારી વિનોદ તાવડે અને કેટલાક વરિષ્ઠ નેતાઓ બેઠક દરમિયાન હાજર રહ્યા હતા.

JDU અને BJP ના ટોચના નેતાઓએ બેઠક દરમિયાન બિહાર વિધાનસભા ચૂંટણી સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. શ્રી શાહ રાજ્યના એક દિવસના પ્રવાસે છે અને દેહરી-ઓન-સોન અને બેગુસરાયમાં પક્ષના નેતાઓ, કાર્યકરો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે વાતચીત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## UTTARAKHAND HEAVY RAIN

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ગઈકાલે મોડી રાત્રે ભારે વરસાદને કારણે ભારે નુકસાન થયું હતું. નંદનગર ક્ષેત્રના ચાર ગામો સૌથી વધુ પ્રભાવિત થયા હતા. દરમિયાન ચૌદ લોકો ગુમ અને વીસ જેટલા લોકો ઇજાગ્રસ્ત થયાના અહેવાલ છે. ભારે વરસાદ અને કાટમાળના પ્રવાહને કારણે પાંત્રીસ ઘરોને

નુકસાન થયું હતું. અત્યાર સુધીમાં લગભગ ૨૦૦ ગ્રામજનોને સલામત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આપત્તિ વ્યવસ્થાપન સચિવ વિનોદ કુમાર સુમન સાથે પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને તાત્કાલિક રાહત અને બચાવ કામગીરીનો નિર્દેશ આપ્યો હતો. તેમણે અધિકારીઓને ઇજાગ્રસ્તોને યોગ્ય સારવાર,  ગુમ થયેલા લોકોની ઝડપી શોધ અને રાહત શિબિરોમાં પૂરતી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી. તેમણે વીજળી, પાણી પુરવઠો અને ક્ષતિગ્રસ્ત રસ્તાઓ પુનઃસ્થાપિત કરવાનો પણ આદેશ આપ્યો હતો.

(બાઇટ- પુષ્કર સિંહ ધામી, સીએમ)

શ્રી સુમને જણાવ્યું હતું કે **NDRF, SDRF, ITBP** અને અન્ય સંસ્થાઓ રાહત કાર્યમાં જોડાઇ છે. ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે, બચાવ ટીમોને અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હોવાથી તેઓ પગપાળા ઘટના સ્થળે પહોંચી રહ્યા છે.

આ દરમિયાન, હવામાન વિભાગે આગામી **24** કલાકમાં રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદ માટે યલો એલર્ટ જારી કર્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BSNL-MOU

ભારતીય પોસ્ટ વિભાગ અને ભારત સંચાર નિગમ લિમિટેડ -**BSNL**એ દેશભરમાં **BSNL**ની મોબાઇલ જોડાણ સેવાને વિસ્તૃત કરવા નવી દિલ્હીમાં એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

જેનો ઉદ્દેશ્ય ડિજિટલ વિભાજનને દૂર કરવાનો, ગ્રામીણ પરિવારોને મોબાઇલ સેવાઓથી સશક્ત બનાવવાનો અને નાણાકીય સમાવેશ અને

સામાજિક-આર્થિક વિકાસ માટે ડિજિટલ ઇન્ડિયાના વ્યાપક લક્ષ્યોને આગળ વધારવાનો છે.

આ કરાર BSNL ની ટેલિકોમ સેવાઓને વધુ સુલભ અને સસ્તી બનાવશે. આ કરાર અંતર્ગત, પોસ્ટ વિભાગ દેશમાં BSNL સિમ કાર્ડના વેચાણ માટે તેના એક લાખ 65 હજારથી વધુ પોસ્ટ ઓફિસોના પોસ્ટલ નેટવર્કનો ઉપયોગ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## GST REFORMS - BICYCLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસે, લાલ કિલ્લાની પ્રાચીર પરથી આગામી પેઢીના GST સુધારાઓની જાહેરાત કરી હતી. GST પરિષદે

નાગરિકોના જીવનને સરળ બનાવવા માટે અનેક ક્ષેત્રોમાં કર દરોમાં ઘટાડો કર્યો. તે અંતર્ગત સરકારે સામાન્ય માણસ માટે પર્યાવરણને અનુકૂળ પરિવહન સુલભ અને સસ્તું બનાવવાના ઉદ્દેશ્યથી સાયકલ ઉદ્યોગને નોંધપાત્ર રાહત આપી છે. સાયકલ પરનો **GST** 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે. સાયકલ વેપારી પુનિત મહેતાએ આ પગલાનું સ્વાગત કરતાં કહ્યું આ સુધારાથી સાયકલ ચલાવવામાં યુવાનોની ભાગીદારીને વેગ મળશે.

(બાઇટ : **PUNIT MEHTA, BICYCLE TRADER**)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SITHARAMAN - ITIs

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે રાજ્યોમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ, **ITI** ને **AI**-સંચાલિત તાલીમ કેન્દ્રોમાં આધુનિક કરવા માટે કેન્દ્ર સરકાર જરૂરી સંપૂર્ણ ભંડોળ પૂરું પાડશે.

નવી દિલ્હીમાં ઇન્ડિયન ફાઉન્ડેશન ફોર ક્વોલિટી મેનેજમેન્ટના વાર્ષિક પરિસંવાદને સંબોધતા, શ્રીમતી સીતારમણે કહ્યું કે ઉદ્યોગની બદલાતી જરૂરિયાતને પહોંચી વળવા માટે **ITI** ને અત્યાધુનિક કરવામાં આવી રહી છે. મંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા બે થી ત્રણ વાર્ષિક બજેટમાં, સરકારે માનવશક્તિના કૌશલ્યને બળ પૂરુ પાડવા માટે જોગવાઈઓ કરી છે.

તેમણે કહ્યું કે સરકાર એ પણ સુનિશ્ચિત કરી રહી છે કે યુવાનોને ચોક્કસ પ્રોત્સાહનો સાથે તાલીમ આપવામાં આવે. મંત્રીએ ઉદ્યોગને દેશના યુવાનોને કૌશલ્યવર્ધી બનાવવા માટે સરકાર સાથે ભાગીદારી કરવા વિનંતી કરી.

શ્રીમતી સીતારમણે ભાર મૂક્યો કે સરકારે AI-સંબંધિત સંશોધન અને વિકાસ અને તાલીમ માટે શ્રેષ્ઠતા સંસ્થાઓ સ્થાપવા માટે IIT જેવી શ્રેષ્ઠતા સંસ્થાઓની ઓળખ કરી છે. તેમણે કહ્યું કે કૃષિ, શિક્ષણ, આરોગ્ય અને શહેરી જીવન પર ધ્યાન કેન્દ્રિત કરીને અલગ ચાર અલગ અલગ ક્ષેત્રોમાં તાલીમ અપાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VAISHNAW - GST REFORMS

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું,, ભારતીય રેલવે દર વર્ષે સલામતી સંબંધિત પ્રોજેક્ટ્સ પર એક લાખ 30 હજાર કરોડથી વધુ ખર્ચ કરે છે. તેમણે કહ્યું કે, સરકારના સતત પ્રયાસોને કારણે, 2013-14માં અકસ્માતોની સંખ્યા 170 થી ઘટીને 31 થઈ ગઈ છે. મંત્રીએ જણાવ્યું હતું કે સરકારે ટેકનોલોજી અને સુધારેલી જાળવણી પદ્ધતિઓમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે.

શ્રી વૈષ્ણવે કહ્યું, આવકવેરા કાયદા અને વસ્તુ અને સેવા કરમાં નોંધપાત્ર સુધારા કરાયા છે. નવી દિલ્હીમાં PAFI વાર્ષિક મંચ 2025ને સંબોધતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે જે રીતે GST ની રચના કરવામાં આવી છે, તે રોજિંદા ઘરગથ્થુ વસ્તુઓ અને કૃષિ ઉત્પાદનોને વધુ સસ્તું બનાવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BADMINTON - CHINA MASTERS

બેડમિન્ટનમાં, ભારતની સ્ટાર શટલર પીવી સિંધુએ આજે શેનઝેનમાં ચાઇના માસ્ટર્સ સુપર 750 ટુર્નામેન્ટમાં સીધી ગેમમાં જીત મેળવીને મહિલા

સિંગલ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો. સિંધુએ થાઇલેન્ડની પોર્નપાવી ચોચુવોંગને 21-15, 21-15 થી હરાવી, એક મહિનામાં તેનો બીજો ટોપ-10 વિજય મેળવ્યો અને જાન્યુઆરી 2025 પછી તેણે પ્રથમ વર્લ્ડ ટૂર ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો. આ સિંધુનો ટુર્નામેન્ટમાં સતત બે ગેમમાં વિજય હતો, જેણે પહેલા રાઉન્ડમાં ડેનમાર્કની જુલી જેકોબસેન સામે 21-5, 21-10 થી પ્રભુત્વ મેળવ્યું હતું. હવે તે ક્વાર્ટર ફાઇનલમાં દક્ષિણ કોરિયાની એન સે યંગનો સામનો કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ASIA CUP CRICKET

એશિયા ટી-20 કપ ક્રિકેટમાં, અફઘાનિસ્તાન આજે યુએઈના અબુ ધાબીમાં ગ્રુપ Bની મહત્વપૂર્ણ મેચમાં શ્રીલંકા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે શરૂ થશે. સુપર ફોરમાં સ્થાન મેળવવા માટે અફઘાનિસ્તાને આ મેચ જીતવી પડશે.

ગઈકાલે, પાકિસ્તાને ગ્રુપ A મેચમાં યજમાન સંયુક્ત આરબ અમીરાતને 41 રનથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતા, પાકિસ્તાને ફખર ઝમાનના 50 રનની મદદથી 20 ઓવરમાં નવ વિકેટે 146 રન બનાવ્યા. યુએઈ તરફથી જુનૈદ સિદ્દીકીએ ચાર વિકેટ લીધી.

147 રનનો પીછો કરતા, યજમાન ટીમ 17.4 ઓવરમાં 105 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. પાકિસ્તાનના બોલર શાહીન આફ્રિદી, હરિસ રૌફ અને

અબરાર અહેમદે બે-બે વિકેટ લીધી. વરસાદના વિઘ્નને કારણે મેચ એક કલાક મોડી શરૂ થઇ હતી.

આ જીત સાથે, પાકિસ્તાન ભારત સાથે સુપર ફોર તબક્કામાં આગળ વધ્યું, જ્યારે યુએઈ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .